# ૭ : ચપટી વાગી







ચપટી વાગી, ચપટી વાગી, ચપટી વાગી રે
ચપ ચપ ચપ ચપ ચપટી વાગી રે
હાલતાં ચાલતાં ચપટી વગાડું
લખતાં વાંચતાં ચપટી વગાડું
ચપટી વાગી...
દોડતાં કૂદતાં ચપટી વગાડું
ખાતાં પીતાં ચપટી વગાડું
ચપટી વાગી...
ભાઈના કાનમાં ચપટી વગાડું
બહેનના કાનમાં ચપટી વગાડું
ચપટી વાગી...
પપ્પાના કાનમાં ચપટી વગાડું
મમ્મીના કાનમાં ચપટી વગાડું
ચપટી વાગી...







**નવા શબ્દો**

ચપટી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧. જવાબ આપો.

(૧) તમે કોના કોના કાનમાં ચપટી વગાડશો ?

(૨) તમારી મમ્મીનું નામ શું છે ?

(૩) તમારા પપ્પાનું નામ શું છે ?

(૪) તમારા ભાઈનું નામ શું છે ?

(૫) તમારી બહેનનું નામ શું છે ?

(૬) તમારાથી મોટું કોણ છે ? ભાઈ કે બહેન ?


(૭) પપ્પાનાં બહેનને શું કહેવાય ?

(૮) મમ્મીની બહેનને શું કહેવાય ?

(૯) પપ્પાના ભાઈને શું કહેવાય ?

(૧૦) મમ્મીના ભાઈને શું કહેવાય ?


૨. તમારા ઘરમાં કોણ કોણ રહે છે તે કહો અને ચિત્રમાં જોડો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


૩. કહો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


૪. ઓળખો અને રંગ પૂરો.





લ




ટ




ચ




ખ




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. ઓળખો અને રંગ પૂરો.

| લ | ટ | ચ | ખ |
|---|---|---|---|
| ટપાલી | ચપટી | પાટલી | નાટક |
| લખોટી | ખીસું | લસણ | ખેતર |
| ચકલી | ટમેટાં | સાઈકલ | કાચ |
| ખમણ | નખ | પિચકારી | ચમેલી |

૬. ચિત્રને યોગ્ય મૂળાક્ષર સાથે જોડો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૭. વાંચો.

સરસ લખ.
ચમન લખ.

ટપાલી આવે.
ટપાલ લાવે.

ખાતર નાખ.
ખેતરે ખાતર નાખ.

કાતર લાવ.
મીના કાતર લાવ.

મિનલ ભણે છે.
વિરલ ગણે છે.

સિતાર વગાડ.
નીતિન સિતાર વગાડ.

રીના પાણી આપે છે.
ટીના પાણી પીએ છે.

કરીમા કેરી ખા.
વીણા દાડમ ખા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૮. આંગળી ફેરવો.

લ ટ ચ ખ

૯. લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | લ | લ | લ |
| | | | | | |
| | | | ટ | ટ | ટ |
| | | | | | |
| | | | ચ | ચ | ચ |
| | | | | | |
| | | | ખ | ખ | ખ |
| | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| િ | િ | ી | ી | ે | ે | ૈ | ૈ |
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લ | લ | લ | લ | લ | લ | લ | લ |
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ |
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ |
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ |
| | | | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૦. વાંચો અને લખો.

| | | | |
|---|---|---|---|
| પૈસા | | ચૈતર | |
| દૈનિક | | સૈનિક | |
| જૈમિનિ | | ઐરાવત | |
| વૈદ | | નૈના | |

તે કૈલાસ છે.

વૈદ દવા આપે છે.

નૈતિક પૈસા ગણે છે.

સૈનિક આવે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧. સાંભળો અને જવાબ લખો.

- દિવાળીએ આવે છે,
  મીઠાઈ કપડાં લાવે છે,
  મમ્મીના એ ભાઈ છે,
  બોલો, એ કોણ છે ?

- મને કહે છે બેબી,
  મમ્મીને કહે છે ભાભી,
  પપ્પાને કહે છે મોટાભાઈ,
  બોલો, એ મારા કોણ થાય ?

- હાથે લાકડી, આંખે ચશ્માં,
  સૌથી મોટા છે એ ઘરમાં,
  પપ્પાના એ પપ્પા થાય,
  બોલો, એ મારા કોણ થાય ?



## શિક્ષકો માટે

(૧) આપેલ પ્રશ્નો અને અન્ય પ્રશ્નો પૂછો. ઘરમાં રહેતા કુટુંબના સભ્યોથી વિદ્યાર્થીને પરિચિત કરો.

(૨) ઘરમાં રહેતા સભ્યોનાં ચિત્રો સાથે ઘરના ચિત્રને જોડાવો.

(૩) કુટુંબના સભ્યો સાથે બાળકની ક્રિયાઓના ચિત્રો વિશે સમજાવો. વિદ્યાર્થીની પોતાની દિનચર્યામાં કુટુંબના સભ્યો સાથેની ક્રિયાઓ વિશે મૌખિક અભિવ્યક્તિ કરાવો.

(૪) આપેલ ચિત્રના મૂળાક્ષરો ઓળખી રંગ પૂરાવો.

(૫) બૉક્સમાંના શબ્દોમાંથી જે-તે મૂળાક્ષર ઓળખાવો. તે મૂળાક્ષરના બૉક્સનો રંગ જે શબ્દમાં મૂળાક્ષર આવતો હોય તે બૉક્સમાં કરાવો. અહીં મીણિયા રંગ કે પેન્સિલના રંગનો ઉપયોગ કરાવો.

(૬) ચિત્રને ઓળખી એ ચિત્ર માટે વપરાતા શબ્દમાં આવતા મૂળાક્ષર પૈકી કોઈ મૂળાક્ષર લ, ટ, ચ, ખ હોય તો તેની સાથે જોડાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૭) વાક્યોનું મોટેથી મુખવાચન કરાવો.

(૮) મૂળાક્ષર ઉપર તીરની દિશા મુજબ વિદ્યાર્થીને આંગળી ફેરવવા કહો.

(૯) મૂળાક્ષર અને માત્રાનું અનુલેખન કરાવો.

(૧૦) શબ્દો અને વાક્યોનું મોટેથી વાચન કરાવો અને આપેલ જગ્યામાં લખાવો.

(૧૧) ઉખાણાં સંભળાવવાં અને તેનો જવાબ બૉક્સમાં લખાવવો.

**આ એકમમાં આપણે શીખ્યા :**

| ભાષા | | પર્યાવરણ |
|---|---|---|
| લ, ટ, ચ, ખ | બે માત્રા ( ૈ ) | • કુટુંબના સભ્યો અને વડીલો સાથેનો વ્યવહાર, પરસ્પર સંબંધ સ્વીકારે અને સન્માન કરે. |

◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in